# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈથોપીયાની સંસદને સંબોધિત કરી.**
2. **ભારતીય રેલ્વેમાં કવચ સિસ્ટમના બે હજાર કિલોમીટરથી વધુ રૂટ કાર્યરત**
3. **દેશમાં કોલસાનું ઉત્પાદન પહેલીવાર 2024-25માં લગભગ એક અબજ ટન સુધી પહોંચ્યું.**
4. **દિલ્હી સરકારે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના અમલીકરણથી પ્રભાવિત બાંધકામ કામદારોને 10 હજાર રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી.**
5. **ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ચોથો T20 મુકાબલો.**

......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM-ETHIOPIA PARLIAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અદીસ અબાબામાં ઇથોપિયાની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. ઇથોપિયાની સંસદને સંબોધતા , શ્રી મોદીએ કહ્યું કે ભારતનું રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' અને ઇથોપિયાનું રાષ્ટ્રગીત , બંને આપણી ભૂમિને માતા તરીકે ઓળખે છે. તે આપણને વારસો , સંસ્કૃતિ, સુંદરતા પર ગર્વ કરવા અને માતૃભૂમિનું રક્ષણ કરવા પ્રેરણા આપે છે.

તેમણે ઉમેર્યું કે ભારત અને ઇથોપિયા આબોહવા તેમજ ભાવનામાં હૂંફ શેર કરે છે. હિંદ મહાસાગર પાર , વેપારીઓ મસાલા અને સોના સાથે વહાણમાં જતા હતા, પરંતુ તેઓ માલસામાન કરતાં વધુ વેપાર કરતા હતા ; તેઓએ વિચારો અને જીવનશૈલીનું આદાનપ્રદાન કર્યું. તેમણે ઉમેર્યું કે અદીસ અને ધોલેરા જેવા બંદરો ફક્ત વેપાર કેન્દ્રો નહોતા, પરંતુ સંસ્કૃતિઓ વચ્ચે સેતુ હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MODI ETHIOPIA VISIT (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઇથોપિયન પ્રધાનમંત્રી ડૉ. અબીય અહેમદ અલી દ્વારા સર્વોચ્ચ પુરસ્કાર "ઇથોપિયાનું મહાન સન્માન નિશાન" એનાયત કરવામાં આવ્યું હતું. ભારત-ઇથોપિયા ભાગીદારીને મજબૂત બનાવવામાં તેમના અસાધારણ યોગદાન અને વૈશ્વિક રાજનેતા તરીકેના તેમના દૂરંદેશી નેતૃત્વને માન્યતા આપવા બદલ, ઇથોપિયાની રાજધાની એડિસ અબાબામાં એડિસ આંતરરાષ્ટ્રીય પરીષદ કેન્દ્ર ખાતે આયોજિત એક ખાસ સમારોહમાં પ્રધાનમંત્રી મોદીને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH ON PM AWARD

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઇથોપિયાના સર્વોચ્ચ સન્માન , 'ગ્રેટ ઓનર નિશાન ઓફ ઇથોપિયા' થી સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવ્યા છે.આ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે તેમ કહ્યું હતું.

પ્રધાનમંત્રીને રાજનેતા તરીકે કોઈ વિદેશી રાષ્ટ્ર દ્વારા એનાયત કરવામાં આવેલ આ 28મું સન્માન છે, જે તેમના નેતૃત્વ હેઠળ વૈશ્વિક રાજદ્વારીમાં ભારતની વધતી જતી પ્રતિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે.

આ સન્માન ભારત અને ઇથોપિયા વચ્ચેની મિત્રતામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે તેમ પણ બંને કેન્દ્રીય મંત્રીઓએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તમિલનાડુના વેલ્લોર પહોંચ્યા. રાષ્ટ્રપતિનું તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી, દુરાઈ મુરુગન અને એમ.આર. ગાંધી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ પરિસરમાં પેરુમલ મંદિરમાં પૂજા અને આરતી કરી. સુશ્રી મૂર્મુએ એક ધ્યાન ખંડનું ઉદ્ઘાટન કર્યું. તેમજ મંદિર સંકુલમાં એક વૃક્ષ વાવ્યું. આ મુલાકાત 16થી 22 ડિસેમ્બર સુધી કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણા સહિત દક્ષિણ રાજ્યોના તેમના અઠવાડિયાના પ્રવાસનો એક ભાગ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - KAVACH SYSTEM

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારતીય રેલ્વેમાં કવચ સિસ્ટમના બે હજાર કિલોમીટરથી વધુ રૂટ કાર્યરત કરવામાં આવ્યા છે. મુસાફરો અને ટ્રેન સંચાલનની સલામતી વધારવા માટે ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ , કવચ રજૂ કરવામાં આવી છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે , રેલ્વેએ ચાર હજાર **154** લોકોમોટિવ પર સ્વદેશી રીતે વિકસિત કવચ ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ સફળતાપૂર્વક સ્થાપિત કરી છે.

તેમણે કહ્યું કે , કવચની પ્રગતિ ખૂબ જ ઝડપી છે અને **40** હજારથી વધુ ટેકનિશિયન અને ઓપરેટરોને કવચ સિસ્ટમની તાલીમ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - COAL PRODUCTION

કેન્દ્રીય કોલસા મંત્રી જી. કિશન રેડ્ડીએ આજે જણાવ્યું હતું કે દેશમાં કોલસાનું ઉત્પાદન પહેલીવાર **2024-25**માં લગભગ એક અબજ ટન સુધી પહોંચ્યું છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી રેડ્ડીએ જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કોલસા ક્ષેત્રમાં ઘણા મોટા સુધારા કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સરકાર તમામ ક્ષેત્રોમાં કોલસાનું ઉત્પાદન અને પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે.

મંત્રીએ કહ્યું કે ભારત હવે વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો કોલસાનો ઉત્પાદક અને ગ્રાહક દેશ છે. શ્રી રેડ્ડીએ માહિતી આપી હતી કે ભારતમાં વૈશ્વિક સ્તરે પાંચમો સૌથી મોટો કોલસા ભંડાર છે અને દેશમાં લગભગ સાત વર્ષ સુધી પૂરતો કોલસા ભંડાર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CULTURAL RENAISSANCE

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે છેલ્લા દાયકામાં ભારતે એક નોંધપાત્ર સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પુનરુત્થાન જોયું છે, જેમાં પ્રાચીન મંદિરો, વારસા સ્થળો અને રાષ્ટ્રીય સ્મારકોનો વ્યાપક પુનર્વિકાસ થયો છે.

મંત્રીએ માહિતી આપી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ , અયોધ્યાથી કામાખ્યા, કેદારનાથ અને સોમનાથ સુધીના અનેક મુખ્ય યાત્રાધામોને નવી ભવ્યતા સાથે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે , જેના કારણે ભારત અને વિદેશમાંથી લાખો ભક્તો અને પ્રવાસીઓ આકર્ષાયા છે.

તેમણે કહ્યું કે સરકારે ભારતના ખોવાયેલા વારસાને સાચવવા અને પરત લાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા દાયકામાં વિદેશી સંગ્રહમાંથી 344 પ્રાચીન કલાકૃતિઓ પરત લાવવામાં આવી છે.

**Byte- Virendra Kumar(gnr mail)**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# JAISHANKAR - BHUTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ભૂટાનના વિદેશ મંત્રી લિયોન્પો ડી.એન. ધુંગેલ અને ભૂટાનના લોકોને તેમના રાષ્ટ્રીય દિવસ , ગ્યાલ્યોંગ ડુચેન પર શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારત બંને દેશો વચ્ચેની ખાસ અને અનોખી ભાગીદારીના સતત વિકાસ માટે પ્રતિબદ્ધ છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DEILHI GOVT

દિલ્હી સરકારે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન ( **GRAP-3)** ના અમલીકરણથી પ્રભાવિત બાંધકામ કામદારોને 10 હજાર રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા , દિલ્હીના શ્રમ અને રોજગાર મંત્રી કપિલ મિશ્રાએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન બાંધકામ કાર્ય બંધ થવાથી દૈનિક વેતન મજૂરો ગંભીર રીતે પ્રભાવિત થયા હતા.

તેમણે જણાવ્યું કે આ રકમ તમામ નોંધાયેલા અને ચકાસાયેલ બાંધકામ કામદારોને આપવામાં આવશે. શ્રી મિશ્રાએ **GRAP-4** ના ચાલુ અમલીકરણ દરમિયાન અસરગ્રસ્ત બાંધકામ કામદારો માટે વળતરની પણ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# NCB-CONFERENCE

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના ડાયરેક્ટર જનરલ અનુરાગ ગર્ગે ડ્રગના ઉપયોગ સામે જાગૃતિ લાવવા માટે રાજ્યના એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ સાથે સંકલન અને ગુપ્ત માહિતી શેર કરવા અને મીડિયા પ્રભાવકોને ઓળખવા પર ભાર મૂક્યો છે. **NCB** ના ત્રીજા ઝોનલ ડિરેક્ટર્સ કોન્ફરન્સ દરમિયાન ઝોનલ ડિરેક્ટર્સ સાથે વાતચીત કરતા, તેમણે કહ્યું કે ડ્રગ ટ્રાફિકિંગ નેટવર્ક્સને નાબૂદ કરવુ એ બ્યુરોની ટોચની પ્રાથમિકતા છે.

જેલમાંથી કાર્યરત નાર્કો-ગુનેગારો શોધવા અને ડ્રગ મનીના હવાલામાં સામેલ વ્યક્તિઓ પર કડક કાર્યવાહી કરવા ભાર મૂક્યો. તેમણે ગુણવત્તાયુક્ત તપાસ અને દોષિત ઠેરવવા માટે કાર્યવાહી સુનિશ્ચિત કરવાની હિમાયત કરી હતી.

ત્રીજી ઝોનલ ડિરેક્ટર્સ કોન્ફરન્સ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-સંચાલિત કાર્યક્ષમતા અને ઝોનલ કામગીરી સમીક્ષા પર કેન્દ્રિત ડ્રગ મુક્ત ભારત માટે નવા સંકલ્પ સાથે ગઈકાલે નવી દિલ્હીમાં આ કોન્ફરન્સનું સમાપન થયું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAVAL AVIATION

ભારતીય નૌકાદળ આજે ગોવામાં આઈ એન એસ હંસા ખાતે એક સમારોહમાં તેના બીજા એમ એચ 60 R સીહોક હેલિકોપ્ટર સ્ક્વોડ્રન, INAS 335ને સામેલ કરશે. નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી બપોર બાદ સમારોહની અધ્યક્ષતા કરશે.

અત્યાધુનિક શસ્ત્રો, સેન્સર અને એવિઓનિક્સથી સજ્જ , MH-60R સબમરીન વિરોધી યુદ્ધ, જમીન પર હુમલો અને અપરંપરાગત યુદ્ધના જોખમોનો સામનો કરવામાં સક્ષમ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# T20 CRICKET

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચોથી T20 આંતરરાષ્ટ્રીય મેચ આજે લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત પાંચ મેચોની શ્રેણીમાં 2-1થી આગળ છે અને શ્રેણી જીતીને દક્ષિણ આફ્રિકા સામે 3-1થી આગળ રહેવાનો પ્રયાસ કરશે. પાંચમી અને અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે.

દરમિયાન, ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલ બીમારીને કારણે. અક્ષર પટેલની જગ્યાએ લખનૌ અને અમદાવાદમાં બાકીની T20 મેચ માટે શાહબાઝ અહેમદને તેના સ્થાને રમશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CONGO CLASHES

કોંગોના દક્ષિણ કિવુ પ્રાંતના અનેક ભાગોમાં થયેલી અથડામણને કારણે ફીજી અને બારાકા શહેરોમાં તમામ માનવતાવાદી પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવી છે. યુએનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હિંસાને કારણે નાગરિકો ગભરાટમાં છે.

સ્થાનિક અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે 8 ડિસેમ્બરથી, લગભગ 1 લાખ 10 હજાર લોકો દક્ષિણ કિવુ ભાગી ગયા છે , જ્યારે 15 હજાર લોકો બુરુન્ડી ભાગી ગયા છે. તેમણે કહ્યું કે લોકોની સલામત અવરજવર સુનિશ્ચિત કરવા અને સહાય કામગીરી ફરી શરૂ કરવા માટે તમામ પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .